<u>ફોજદારી કેસ નંબર :– ૮૮૮૮૪ / ૧૯</u>

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, મુ.અમદાવાદ.**

<u>–: આંક – ૧ લગત હુકમ :–</u>

**૧.** આજરોજ સદરહું ફોજદારી કેસ જીએસએલએસએ/પત્ર નં. ૨૩૩૫ / ૨૦૧૯ તા.૧૦/૧૨/૨૦૧૯ ના પત્રના અનુસંધાનમાં ખાસ સીટીંગ દરમ્યાન યોગ્ય કાર્યવાહી માટે હાથ પર લેવામાં આવેલ છે.

**૨.** આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતાં સદર કેસ સમન્સ ટ્રાયેબલ છે. આરોપી વિરૂધ્ધ સમન્સ / વોરન્ટ ઈશ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત કરેલ નથી.

<u>કલમ :– ૨૫૮. કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા :–</u>

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયનો કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વમંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ધોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ધોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ધોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રીવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

**૪.** કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ મુંબઈ પોલીસ અધિનિયમ હેઠળ કાયદો અને વ્યવસ્થા જાળવવા બાબતે જે નિયમો તથા હુકમો કરવામાં આવેલ હોય તેના ભંગ બદલ કાયદો અને વ્યવસ્થા જાળવનાર એજન્સીને આરોપીને નિયમોના ભંગ બદલ અટકાયતી પગલાં લેવાની સત્તા છે પરંતુ આવા નિયમોના ભંગ બદલ જે કંઈ ગુનો બને તેની ફરીયાદ અને આગળની કાર્યવાહી કરવા બાબતે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૫૫(૨) મુજબ કોર્ટની પરવાનગી વગર આગળની કાર્યવાહી કરી શકાય નહી. આ ઉપરાંત ક્રિ.પ્રો.કોડની કલમ ૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં ઈ.પી.કો. કલમ ૧૮૮ ના ગુના બાબતે પોલીસ ચાર્જશીટના આધારે આરોપી સામે ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકાય નહી. આ બાબતે નામદાર ઉચ્ચ અદાલતે સલોની અરોરા વિરૂધ્ધ એન.સી.ટી. દિલ્હી ૨૦૧૭ (૩) એસ.સી.સી. પાન નં.૨૮૬ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ઈ.પી.કો. કલમ ૧૮૮ ના ગુના બાબતે રાજય સરકારના કર્મચારીની ખાનગી ફરીયાદ સિવાય પોલીસ રીપોર્ટના આધારે આરોપી સામે ગુનાની વિચારણા હાથ ધરી શકાય નહી. તે સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮, ૧૫૫(૨) તથા ૧૯૫ ની જોગવાઈ સંયુકત રીતે વંચાણે લેતાં મુંબઈ પોલીસ અધિનિયમ તથા ઈ.પી.કો. કલમ ૧૮૮ નીચેના ગુનાની કાર્યવાહી કરવા બાબતે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૫૫(૨) તથા ૧૯૫ નો બાધ નડતો હોય આવા કેસોની કાર્યવાહી આગળ ચલાવવા વ્યાજબી કારણો જણાતા નથી.

**૫.** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાનમાં લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨(ધ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં આરોપીને પ્રોસેસ કરવા છતાં બજે કે વગર બજે પરત આવેલ નથી. હાલનો કેસ ઘણો જુનો છે. વળી, રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે, તેવી શકયતા જણાતી ના હોઈ તે જોતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**"હુકમ"**

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ કરી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૪ માહે ડીસેમ્બર સને ૨૦૧૯ ના દિને સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૪–૧૨–૨૦૧૯.
અમદાવાદ.

**( જીજ્ઞેશ જી. દામોદ્રા )**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
Code No.**GJ00996**